| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૯/૧૦/૨૦૨૩ |
| નોંધ્યા તારીખ | ૦૯/૧૦/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૦૯/૦૩/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ ૦૦ માસ ૦૫ દિન ૦૦ |

************************************************
**બીજા એડી. ચીફ જ્યુડીશીલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**
************************************************

**ક્રિમીનલ કેસ નંબર :** ૨૭૧૭/૨૦૨૩
**આંક : ૦૫**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** : પટણી દિપકભાઈ જયંતીભાઈ, ઉ.વ.આ.૩૫, રહે.પાટણ, શીવનગર સોસાયટી ગુલશનનગરની બાજુમાં, તા.જી.પાટણ.

**ગુન્હો** : પ્રોહીબીશન એકટ કલમ-૬૬(૧)(બી), ૮૫(૧)

---

**ફરીયાદ પક્ષે** : મદદનીશ સરકારી વકીલશ્રી આર.પી.ઓઝા
**આરોપી પક્ષે** : વિ.વકીલશ્રી વાય.એ.બલોચ

---

**-:જજમેન્ટ:-**

૧. હાલના કામે ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૯:૧૦ વાગ્યાના

સુમારે મોજે પાટણ ટાઉન જળચોક ઠાકોરવાસ પાસે જાહેરમાં ગે.કા. વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં લવરી બકવાટ કરતો મળી આવી પકડાઈ જઈ, ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) હેઠળ સજાને પાત્ર ગુનો કરેલ છે.

૨. આ કામે આરોપીએ હાજર થઈને આંક-૦૩ થી ગુના કબુલાત પુરસીસ આપીને, તેમજ મૌખિક રજુઆતમાં જણાવેલું છે કે, આરોપી ઉપર પ્રથમ ગુનાનો આરોપ છે તેમજ આરોપી ગરીબ મજુર વર્ગના છે. કુટૂંબ કબીલાવાળા માણસ છે. કુટૂંબમાં કમાવનાર વ્યકિત એકજ છે. આખા પરિવારના કુટૂંબની ભરણપોષણની જવાબદારી આરોપી ઉપર છે. આરોપી ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુનો નહી કરે તેની પુરેપુરી ખાતરી આપે છે. સદર ગુનો નામ.કોર્ટમાં આરોપીને કબુલ મંજૂર છે તેમજ આરોપી હવે પછી કયારેય ભવિષ્યમાં આવો કોઈ ગુનો નહિ કરે તેમ જણાવી ગુનો કબુલ કરેલ છે.

૩. આ કામે આંક-૦૪ થી આ કામના આરોપીનું સ્ટેટમેન્ટ લેતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મળેલ છે તેમ જણાવી આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબૂલ કરેલ છે. આમ, કેસની હકિકત તથા આરોપીની આર્થિક સ્થિતીને ધ્યાને લઈને, કેસના સંજોગો, તેમજ આરોપીની સ્વૈચ્છિક ગુનાની કબુલાત ધ્યાને લેતાં, તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાન નં.૭૦૯, ગુજરાત રાજય વિરુધ્ધ નટવર હરચંદજીના કેસમાં આપેલ માર્ગદર્શીકા મુજબ આરોપીને સુધરવાની તક આપીને આરોપીને કાયદામાં જણાવેલ પૂરેપૂરી સજા અને દંડ ન કરતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં

આવે છે.

**–:: આખરી હુકમ ::–**

૧. આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૧ અન્વયે, દોષિત ઠરાવી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૨) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) ના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/–(અંકે રૂપિયા એક સો પૂરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો દિન–૦૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે તથા પ્રોહીબીશન એકટની કલમ ૮૫(૧) ના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસ્સો પૂરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે

૨. આરોપીએ કુલ દંડ રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) ભરવા.

૩. આરોપીના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ **૦૯મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૪** ના રોજ લોક અદાલત/સ્પે.સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૦૯.૦૩.૨૦૨૪
પાટણ

**(ફીરોઝખાન બીસ્મીલ્લાખાન પઠાણ)**
બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ
Code No.GJ-00632

R.B.CHAUHAN)